# નાપાડ ગામમાં ધર્મસ્થળોનો માહોલ એકતા અને આત્મીયતાનું જીવંત ઉદાહરણ છે










નાપાડ ગામ તેની શાંતિ, સહઅસ્તિત્વ અને ભાઈચારાની ભાવનાને કારણે આસપાસના સમગ્ર વિસ્તારમાં એક વિશેષ અને પ્રેરણાદાયી ઓળખ ધરાવે છે. ગામના વિવિધ વિસ્તારોમાં મંદિર અને મસ્જિદ , ચર્ચ સહિત અનેક ધર્મસંસ્થાઓ આવેલી છે, જ્યાં દરેક ધર્મના લોકો પોતાની પરંપરા, આસ્થા અને શ્રદ્ધા મુજબ આરાધના કરે છે. નાપાડના આ ધાર્મિક સ્થળો માત્ર ઉપાસનાના કેન્દ્રો નથી, પરંતુ ગામલોકોને પરસ્પર એકબીજા સાથે જોડતી આત્મીય કડી છે. નાપાડ ગામમાં દરેક ધર્મના તહેવારો પરંપરાગત રીતે અને ખૂબ જ ખુશીના માહોલમાં ઉજવવામાં આવે છે.મુસ્લિમ સમુદાય દ્વારા ઉર્સ, મહોરમ અને ઈદ જેવા તહેવારો અત્યંત શ્રદ્ધાપૂર્વક ઉજવાય છે. તે જ રીતે હિન્દુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી-ધુળેટી, જન્માષ્ટમી અને રામનવમી જેવા પર્વો પણ એટલા જ ઉમંગ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે.

ખાસ અને ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આ તમામ તહેવારોમાં બંને સમુદાયના લોકો પરસ્પર સહયોગ આપીને કોમી એકતા અને પરસ્પર સન્માનની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

નાપાડ ગામના ભાગોળ વિસ્તારમાં આવેલી મસ્જિદ અને તેની બિલકુલ બાજુમાં આવેલું અંબાજી માતાનું પૌરાણિક મંદિર આ ગામની ખરી સંસ્કારિતા અને વિશેષ ઓળખ બની ગયું છે. એક તરફ પવિત્ર આસ્થા અને ઇબાદતનું પ્રતીક એવી સુંદર મસ્જિદ છે, તો બીજી હિંદુ લોકોના શ્રદ્ધાનું કેન્દ્ર એવું અંબાજી માતાનું ભવ્ય મંદિર શોભી રહ્યું છે. આ બન્ને ધર્મ સ્થાનકો પાસે ખ્રિસ્તી સમુદાયનુ ચર્ચ પણ નિર્માણ કરાયેલું છે. નાપાડ ગામની સાંજ ખરેખર અનુભવવા જેવી હોય છે. સાંજના સમયે એકતરફ જ્યારે દેવ મંદિરમાં આરતી વખતે વાગતી ઝાલરો અને ઘંટડીઓનો મધુર રણકાર સંભળાય છે, ત્યારે બરાબર એ જ સમયે મસ્જિદમાંથી ખુદાની ઈબાદત માટે પોકારાતી પવિત્ર અઝાન ગુંજી ઉઠે છે.આ બંને મધુર અને પવિત્ર અવાજો હવામાં ભળીને સમગ્ર નાપાડ ગામના વાતાવરણને ખૂબ જ આધ્યાત્મિક, પવિત્ર અને શાંત બનાવી દે છે.

આ દૃશ્ય અને માહોલ નાપાડ ગામની સહિષ્ણુતા અને ધાર્મિક સમરસતાનું એક અજોડ અને જીવંત ચિત્ર રજૂ કરે છે. નાપાડ ગામની સૌથી મોટી વિશેષતા અને શક્તિ તેની એકતા તથા સામાજિક સમરસતા છે. અહીં લોકોના ધર્મ ભલે અલગ હોઈ શકે, પરંતુ બધાના દિલ એક છે. કોઈપણ વ્યક્તિના સુખ-દુઃખમાં, ધાર્મિક ઉત્સવોમાં કે સામાજિક પ્રસંગોમાં ગામના તમામ લોકો ભેદભાવ ભૂલીને એકબીજાની પડખે આવીને ઉભા રહે છે.

# ગ્રામ પંચાયતની સફળ કામગીરી વિકાસ અને સુવિધાઓ માટે મહત્વની બની રહે છે




ગ્રામ પંચાયત નાપાડ તળપદ
स्वास्थ्य - शिक्षा - विकास
देश बदल रहा है अब मेरा गांव भी बदलेगा

નાપાડ ગ્રામ પંચાયત ગામના વિકાસની મુખ્ય વહીવટી સંસ્થા તરીકે કાર્ય કરે છે. ગામમાં પાણી પુરવઠો, વિજળી, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા, રસ્તાઓનું નિર્માણ અને જાળવણી, સ્વચ્છતા અભિયાન તેમજ ડોર ટુ ડોર કચરા સંગ્રહ જેવી મૂળભૂત સેવાઓ પંચાયત દ્વારા પૂરી પાડવામાં આવે છે.

નિર્મળ ગ્રામ અને સ્વચ્છતા અભિયાન જેવી યોજનાઓના અમલીકરણથી ગામમાં આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહે છે. પંચાયત વિવિધ કર, લોકફાળો, સરકારી ગ્રાન્ટ અને મનરેગા જેવી યોજનાઓના માધ્યમથી આવક પ્રાપ્ત કરીને વિકાસલક્ષી કાર્યો હાથ ધરે છે. ગ્રામસભા અને વિવિધ સમિતિઓના માધ્યમથી લોકોની જરૂરિયાતો અને સૂચનોને ધ્યાનમાં રાખીને વિકાસ યોજનાઓ ઘડવામાં આવે છે. ગ્રામ પંચાયત માત્ર વહીવટી સંસ્થા નથી, પરંતુ ગામના સર્વાંગી વિકાસની દિશા નક્કી કરતી મુખ્ય સંસ્થા તરીકે કાર્ય કરે છે. તેના પ્રયત્નોથી નાપાડ ગામ આધુનિક સુવિધાઓ અને પરંપરાગત મૂલ્યો વચ્ચે સંતુલન જાળવીને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે.

નાપાડ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે મીનાબેન મહેન્દ્રભાઈ પટેલ અને ઉપસરપંચ તરીકે સચિનકુમાર પટેલ જવાબદારી સંભાળે છે. જ્યારે સભ્ય તરીકે દિપ્પલબેન પટેલ, મીનાબેન ગોસ્વામી, વર્ષાબેન મિસ્ત્રી, જિંકલભાઈ પંચાલ, પ્રવિણભાઈ હરિજન, રમીલાબેન મકવાણા, જશોદાબેન પઢિયાર, ગોપાલભાઈ પરમાર, તલાટી કમ મંત્રી તરીકે ચેતનભાઈ ગોસ્વામી, વી.સી. તરીકે હિતેષભાઈ પરમાર, અને ગ્રામ સેવક તરીકે અંજલીબેન જવાબદારી સંભાળે છે.

# દાતાઓની ઉદારતા ગામના વિકાસના મજબૂત આધારસ્થંભ સમાન છે









## નાપાડ તળપદ

નાપાડ ગામ તેના દાતાઓની અદભૂત સખાવત અને ઉદારતા માટે આજુબાજુના સમગ્ર પંથકમાં ખૂબ જ જાણીતું છે. ગામના સર્વાંગી વિકાસમાં અહીંના વતની અને પ્રવાસી દાતાઓએ જે ઉમદા યોગદાન આપ્યું છે, તે ખરેખર પ્રેરણાદાયી છે. ગામમાં આવેલા ભવ્ય પ્રવેશ દ્વાર, દેવમંદિરો અને આધુનિક સમાજવાડી જેવા મહત્વપૂર્ણ બાંધકામો દાતાઓના આર્થિક સહકારથી જ ઊભા થયા છે, જે આજે નાપાડ ગામની આગવી ઓળખ બની ચૂક્યા છે. નાપાડ ગામમાં વિવિધ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે દાતાઓનો સતત અને અવિરત સહયોગ મળતો રહ્યો છે. સમયાંતરે ગામના હિત અને સુખાકારી માટે દાતાઓ દ્વારા ઉદાર હાથે દાન આપવામાં આવે છે, જેના કારણે ગ્રામજનો માટે અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. શૈક્ષણિક સંસ્થાઓથી લઈને ધાર્મિક સ્થળો સુધી, દરેક ક્ષેત્રમાં દાતાઓની સહાય નાપાડના વિકાસને એક નવી દિશા આપી રહી છે. નાપાડ ગામમાં બનેલા બે ભવ્ય પ્રવેશ દ્વાર ગામના ગૌરવ, સમૃદ્ધિ અને એકતાનું પ્રતીક છે. ગામમાં આવેલા વિવિધ દેવમંદિરોનું જીર્ણોદ્ધાર અને નિર્માણ પણ દાતાઓની અખંડ શ્રદ્ધા અને ભક્તિનું પ્રતીક છે. આ પવિત્ર મંદિરોમાં ભક્તો શાંતિ અને અદ્ભુત આધ્યાત્મિક સંતોષનો અનુભવ કરે છે. નાપાડ ગામમાં સમાજવાડીનું નિર્માણ પણ ગામ માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. અહીં વિવિધ સામાજિક કાર્યક્રમો, સભાઓ, જ્ઞાતિના પ્રસંગો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સુંદર આયોજન થાય છે. શૈક્ષણિક ક્ષેત્રમાં પણ નાપાડના દાતાઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ધાર્મિક સ્થળોના બાંધકામ, ઉત્સવો અને તેમની યોગ્ય જાળવણી માટે પણ દાતાઓ દ્વારા ઉદાર હાથે ફાળો આપવામાં આવે છે. મંદિરોમાં જરૂરી ભૌતિક સુવિધાઓ ઉભી કરવા અને ધાર્મિક કાર્યક્રમોને ભવ્ય રીતે સફળ બનાવવા માટે આ દાન ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે, જેનાથી નાપાડનું આધ્યાત્મિક વાતાવરણ હંમેશા પવિત્ર રહે છે.

# ગામમાં નાણાકીય સશક્તિકરણનો મજબૂત આધાર સ્થંભ બેંકિંગ વ્યવસ્થા છે



નાપાડ ગામમાં બેંક ઓફ ઈન્ડિયા, ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને સરદાર પટેલ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી જેવી નાણાકીય સંસ્થાઓ કાર્યરત છે, જે ગામના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અગાઉ ગ્રામ્ય વિસ્તારોમાં બેંકિંગ સુવિધાઓનો અભાવ હોવાથી લોકો નાણાકીય વ્યવહારો માટે શહેરો પર નિર્ભર રહેતા હતા, પરંતુ આજે ગામમાં જ આધુનિક બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ બની છે. ખેડૂતોને પાક લોન, પશુપાલન લોન અને અન્ય કૃષિ આધારિત ધિરાણ સરળતાથી મળી રહે છે. સરકારની વિવિધ સહાય યોજનાઓની રકમ સીધી લાભાર્થીઓના ખાતામાં જમા થતી હોવાથી પારદર્શિતા વધે છે. ડિજિટલ બેંકિંગ, એટીએમ, ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને બચત યોજનાઓ જેવી સુવિધાઓ ગ્રામજનોને આધુનિક નાણાકીય વ્યવસ્થાથી જોડે છે. આ સંસ્થાઓના કારણે ગામમાં બચતની ટેવ વિકસે છે, નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે અને યુવાનો માટે સ્વરોજગારીની નવી તકો ઉભી થાય છે. બેંકિંગ વ્યવસ્થા ગામના આર્થિક વિકાસને ગતિ આપતું એક મહત્વપૂર્ણ પરિબળ બની છે. નાપાડ ગામમાં સહકારી ચળવળે આર્થિક વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળી, નાપાડ તળપદ સેવા સહકારી મંડળી અને સરદાર પટેલ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી જેવી સંસ્થાઓ ગામના હજારો સભાસદોને સીધો લાભ પહોંચાડે છે. દૂધ ઉત્પાદક મંડળી ગામના પશુપાલકોને તેમની મહેનતનું યોગ્ય વળતર અપાવવામાં મદદરૂપ બને છે અને પશુપાલનને વ્યવસાયિક દિશા આપે છે. નાપાડ ગામમાં વિવિધ સામાજિક સંસ્થાઓ સમાજના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. રાષ્ટ્રીય યુવક મંડળ, અક્ષર પુરુષોત્તમ યુવક મંડળ, મહિલા મંડળ અને સાર્વજનિક પુસ્તકાલય જેવી સંસ્થાઓ સામાજિક જાગૃતિ, શિક્ષણ અને સાંસ્કૃતિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

# આરોગ્ય સુવિધાઓ ગામના લોકોના જીવન સ્તરને સુધારવામાં મહત્વપૂર્ણ બની છે



કોઈપણ ગામના વિકાસનું મૂલ્યાંકન તેની આરોગ્ય સેવાઓના આધારે પણ કરવામાં આવે છે. અને નાપાડ ગામ આ દૃષ્ટિએ પણ સજ્જ ગણાય છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે અને પી.એચ.સી. સાથે સંકળાયેલી આરોગ્ય વ્યવસ્થાના કારણે સામાન્ય નાગરિકોને મૂળભૂત સારવાર માટે દૂર જવાની જરૂર પડતી નથી. પ્રસૂતિગૃહ સબ સેન્ટર ગર્ભવતી મહિલાઓ અને નવજાત બાળકોના આરોગ્ય માટે મહત્વપૂર્ણ સેવા પૂરી પાડે છે. ગામમાં કાર્યરત ખાનગી દવાખાનાઓ તાત્કાલિક સારવાર અને રોજિંદી આરોગ્ય જરૂરિયાતોને પૂરી કરે છે. આ ઉપરાંત પાંચ જેટલી આંગણવાડીઓ બાળકોના પોષણ, પ્રાથમિક શિક્ષણ અને માતા-બાળ આરોગ્ય સંબંધિત સેવાઓ પ્રદાન કરે છે. રસીકરણ અભિયાન, આરોગ્ય તપાસ કેમ્પ અને પોષણ કાર્યક્રમો દ્વારા ગ્રામજનોમાં આરોગ્ય જાગૃતિ વધારવાનો સતત પ્રયાસ કરવામાં આવે છે. આરોગ્ય ક્ષેત્રે ઉપલબ્ધ આ સુવિધાઓ ગામના લોકોના જીવનસ્તરને સુધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે મજબૂત આધાર પૂરું પાડે છે.

# ૬૮ વર્ષથી શિક્ષણની જ્યોત પ્રગટાવતી નાપાડ તળપદ સરકારી કન્યા શાળા

આણંદ તાલુકાના નાપાડ તળપદ ગામમાં આવેલી નાપાડ તળપદ કન્યા શાળા છેલ્લા છ દાયકાથી વધુ સમયથી ગ્રામ્ય વિસ્તારમાં બાળાઓના શિક્ષણ માટે મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તા. ૧ માર્ચ, ૧૯૫૮ના રોજ સ્થાપિત થયેલી આ શાળા આજે શિક્ષણ, સંસ્કાર અને આધુનિક સુવિધાઓના સુમેળ સાથે પ્રગતિના નવા સોપાનો સર કરી રહી છે. શાળામાં ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. કુલ ૧૧ વર્ગખંડ ધરાવતી આ સંસ્થામાં હાલમાં ૨૬૪ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી છે. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે આચાર્ય બિન્દુબેન કે. પટેલ સહિત કુલ ૧૧ શિક્ષકો અને શિક્ષિકાઓ ફરજ બજાવી રહ્યા છે, જેમાં એક પુરુષ અને દસ મહિલા શિક્ષિકાઓનો સમાવેશ થાય છે. કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપતી આ સંસ્થા ગ્રામ્ય વિસ્તારમાં બાળાઓના શૈક્ષણિક સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ બની છે. શાળામાં પીવાના શુદ્ધ પાણીની સુવિધા ઉપલબ્ધ છે. સ્વચ્છતા અને આરોગ્યને પ્રાથમિકતા આપતાં સેનેટેશનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આધુનિક શિક્ષણ પદ્ધતિને અનુરૂપ પાંચ સ્માર્ટ ટીવી (પ્રોજેક્ટર), એક ટીવી તથા પંદર કોમ્પ્યુટરની સુવિધા વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણ સાથે જોડે છે. આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજના દ્વારા વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે. શાળાના વિશાળ ૮૮૪ ચોરસ મીટર વિસ્તાર ધરાવતા કેમ્પસમાં બાળકો માટે શિક્ષણ સાથે રમતગમત અને વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, પર્યાવરણ જાગૃતિ અભિયાન અને શૈક્ષણિક સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસ કરવામાં આવે છે. નાપાડ તળપદ કન્યા શાળા માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ ગામ અને વિસ્તારની અનેક દીકરીઓના ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરતું પ્રેરણાદાયી જ્ઞાનમંદિર બની રહ્યું છે. શિક્ષણ ક્ષેત્રે તેની દીર્ઘકાલીન સેવા અને આધુનિક અભિગમને કારણે આ શાળા સમગ્ર વિસ્તારમાં આગવી ઓળખ ધરાવે છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)